આંક–

सत्य मेव जयते

**નમુનો – અ**

| **માણસાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, માણસા**<br>**ફોજદારી કેસ નંબર : ૨૦૫/૨૦૨૪**<br>**જજમેન્ટની તારીખ : ૩૦/૦૭/૨૦૨૬**<br>**માણસા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં. : ૧૧૨૧૬૦૦૯૨૨૦૦૭૧૦/૨૦૨૦** | | |
|---|---|---|
| **ફરીયાદી** | **:** | શ્રી સરકાર |
| **ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી:** | | શ્રી એ. આર. ભટ્ટ |
| **આરોપી** | **:** | (૧) દિલીપજી રજુજી ઠાકોર<br>ઉ.વ.૨૩, રહે. કહીપુરગામ, ધોળીયાપુરા શીવ કેનાલની બાજુમાં<br>તા.વડનગર જી.મહેસાણા |
| | | (૨) સેધાજી છગનજી ઠાકોર<br>ઉ.વ.૨૩, રહે.કહીપુરગામ, ધોળીયાપુરા શીવ કેનાલની બાજુમાં<br>તા.વડનગર જી.મહેસાણા |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | **:** | શ્રી એમ. વી. ઠાકોર |

**.નમુનો – બ**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | તા.૧૫/૦૯/૨૦૨૦ |
| એફ.આઇ.આરની તારીખ | તા.૧૫/૦૯/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | તા.૦૧/૦૪/૨૦૨૪ |
| તહોમતનામા/પ્લીની તારીખ | તા.૦૧/૦૭/૨૦૨૪ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | તા.૩૧/૦૮/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | તા.૩૦/૦૭/૨૦૨૬ |
| સજાનાં હુકમની તારીખ જો હોય | --- |

## **આરોપીની વિગત**

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડ કર્યા** | **જામીન મેળવ્યાની** | **તહોમત** | **શું દોષી/** | **સજાન ી** | **સુનાવણી દરમ્યાન** |
|---|---|---|---|---|---|---|---|

| | | તારીખ | તારીખ | | નિર્દોષ | વિગત | અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિલીપજી રજુજી ઠાકોર | ૨૪/૦૧/૨૦૨૪ | --- | ઇ.પી.કો. કલમ-૪૫૭, ૩૮૦, ૧૧૪ | નિર્દોષ | --- | --- |
| ૨ | સેધાજી છગનજી ઠાકોર | | | | | | |

## નમુનો - ક

### ફરિયાદી / બચાવ પક્ષ / કોર્ટ વીટનેશ

**(એ) ફરીયાદપક્ષ**

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૦૧ | ૪૧ | કેતનભાઇ ભાનુભાઇ રાવલ | ફરીયાદી |
| ફ.સા.૦૨ | ૦૭ | પટેલ પરેશકુમાર જશવંતભાઇ | પંચસાહેદ |
| ફ.સા.૦૩ | ૦૯ | પટેલ વિષ્ણુભાઇ કચરાભાઇ | પંચસાહેદ |
| ફ.સા.૦૪ | ૧૧ | પટેલ કનુભાઇ વરવાભાઇ | પંચસાહેદ |
| ફ.સા.૦૫ | ૧૫ | પ્રજાપતિ નિકુંજકુમાર મગનભાઇ | પંચસાહેદ |
| ફ.સા.૦૬ | ૨૦ | જીતુભાઇ સેધાજી શેઠીયા | પંચસાહેદ |
| ફ.સા.૦૭ | ૨૨ | સુરેશજી માનસીંગજી ઠાકોર | પંચસાહેદ |
| ફ.સા.૦૮ | ૩૫ | સચીન શાન્તારામભાઇ પવાર | આઇ./ઓ. |
| ફ.સા.૦૯ | ૩૭ | મહીપતસિંહ અજીતસિંહ વાઘેલા | આઇ./ઓ. |

**(બી) બચાવપક્ષ સાહેદો, જો કોઇ હોય,**

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. | | | |

**(સી) કોર્ટ તરફે સાહેદો, જો કોઇ હોય,**

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|

| |
|---|
| બચાવપક્ષ તરફે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. |

---

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજોની યાદી**

**(એ) ફરીયાદપક્ષ**

| **અનુ. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૧૦ | ડીસ્કવરી પંચનામુ |
| ૩ | ૧૬ | ડીસ્કવરી પંચનામુ |
| ૪ | ૨૧ | શરીર સ્થીતિનું પંચનામુ |
| ૫ | ૩૬ | ફરીયાદની નકલ |
| ૬ | ૩૮ | કોલ ફોર્મ |
| ૭ | ૩૯ | સ્થળ પરીક્ષણ અહેવા |
| ૮ | ૪૦ | ફીંગરપ્રિન્ટ બાબતનો અહેવાલ |
| ૯ | ૪૨ | અસલ ફરીયાદ |

**(બી) બચાવપક્ષ**

| **અનુ. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઇ પુરાવો રજુ થયેલ નથી. | | |

**(સી) કોર્ટ દ્વારા આંક આપવામાં આવેલ દસ્તાવેજોની યાદી**

| **અનુ. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| કોઇ નથી. | | |

**(ડી) મટીરીયલ ઓબ્જેક્ટસ**

| **અનુ. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| કોઇ નથી. | | |

## <u>ચુકાદો</u>

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૫/૦૯/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ થી કલાક ૦૬/૦૦ વાગ્યાના સમય દરમિયાન મોજે પુંધરા ગામે તા.માણસા ખાતે ફરીયાદી તથા

સાહેદ પરષોત્તમભાઈ કચરાભાઈ પટેલ નાઓના ઘરની પાછળની બારીઓ તોડી ઘરમા પ્રવેશ કરી તીજોરીમાં મુકેલ દરદાગીના ની કુલ કિ.રૂા.૩,૪૨,૫૦૦/- તથા રોકડ રકમ કુલ રૂા.૧૪,૦૦૦/- મળી કુલ રૂા.૩,૫૬,૫૦૦/- ની ચોરી કરી લઈ જઈ ગુનો કરી, આઈ.પી.સી.ની કલમ -૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુના કરેલ જેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં આપેલ.

(૨) આ કામે આરોપી સામે ગુનાનુ ચાર્જશીટ દાખલ થયા બાદ ગુનાનુ કોગ્નીઝન્સ લઈ, આરોપી વિરૂધ્ધ પ્રોસેસ કાઢતા, આરોપી પર સમન્સની બજવણી થતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા તેમને સી.આર.પી.સી.ની કલમ-૨૦૭ ની જોગવાઈ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ, ત્યારબાદ ગુના લગત આંક - ૦૩ થી આરોપીઓનું તહોમતનામું તેમજ આંક-૦૪ અને ૦૫ થી આરોપીની પ્લી લેવામાં આવેલ છે. સદર આરોપીએ પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી ફરીયાદપક્ષનાં પુરાવાની કાર્યવાહી નોંધવામાં આવેલી છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિત તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામા આવેલ છે.

(૪) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય નીવેદન નોંધવામા આવેલ નથી.

ફરીયાદપક્ષે સરકારી નાઓની દલીલો સાંભળી તથા બચાવપક્ષે વિ.વ.શ્રી નાઓની દલીલ સંભાળી તથા રેકર્ડ ઉપરના પુરાવાઓ

ધ્યાને લીધા.

(૫) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નીકાલ સારુ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**:૧:** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૫/૦૯/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ થી કલાક ૦૬/૦૦ વાગ્યાના સમય દરમિયાન મોજે પુંધરા ગામે તા.માણસા ખાતે ફરીયાદી તથા સાહેદ પરષોત્તમભાઇ કચરાભાઇ પટેલ નાઓના ઘરની પાછળની બારીઓ તોડી ઘરમા પ્રવેશ કરી તીજોરીમાં મુકેલ દરદાગીના ની કુલ કિ.રૂા.૩,૪૨,૫૦૦/– તથા રોકડ રકમ કુલ રૂા.૧૪,૦૦૦/– મળી કુલ રૂા.૩,૫૬,૫૦૦/– ની ચોરી કરી લઇ જઇ ગુનો કરી ઇ.પી.કો. કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો આચરેલ છે?

**:૨:** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:૧:** નકારાત્મક

**:૨:** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૭)**મુદા નંબર :– ૧**

(૮) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે આંક–૪૧ થી ફરીયાદી કેતનભાઇ ભાનુભાઇ રાવલનાઓને સોગંદ ઉપર તપાસતા તેઓએ જણાવેલ છે કે,‘‘બનાવ સને ૨૦૨૦ ની

સાલમાં બનેલો. તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ બપોરના આશરે ૧ વાગ્યે હુ અને મારો પરીવાર પુંઢ્ઢા મુકામે અમારે ઘરે તાળુ મારી માણસા ખાતે મારા મામાના ઘરે રહેવા આવેલા અને તા.૧૫/૦૯/૨૦૨૦ ના રોજ સવારના આશરે ૮ વાગ્યે અમારા ઘરના બાજુમાં રહેતા પરસોત્મભાઈ કચરાભાઈ પટેલનાઓનો મારા પર ફોન આવેલ અને જણાવેલ કે મારા ઘરની પાછળની બારી તુટેલી હાલતમાં છે અને ઘરનો સામાના વેર વીખેર છે અને બહાર ફેંકેલ છે. આ સમાચાર મળતા હું તથા મારી પત્ની રીન્કુ તથા મારી માતા સરોજબેન તરતજ પુંદા અમારા ઘરે ગયેલા અને અમારા ઘરનું તાળુ બંધ હોઈ તાળુ ખોલી અંદર જોયેલ તો ઘરના રુમનો સામાન વેર વીખેર હાલતમાં હતો અને તીજોરી ખુલ્લી હાલતમાં હતી જેમાંથી મારી પત્નીએ મુકેલા દાગીના ચોરાયેલા. જેમાં બે બે સોનાના મંગળસુત્ર, એક સોનાની ચેન, બે સોનાની વીંટી, ચાર ચાંદીના સિકકા અને રૂા.૧૦,૦૦૦/– જેટલી રોકડ રકમ ચોરાયેલ. પછી મને જાણવા મળ્યુ કે કરશનભાઈ કચરાભાઈ પટેલના ઘરે પણ ચોરી થયેલ અને તેમના પણ દાગીના ગયેલ છે. અને આ દાગીના ના બીલ મારી પાસે હતા નહી. મારા તથા પરસોતમ ભાઈ ના દાગીનાની કુલ રકમ જે તે સમયે ૩,૫૬,૦૦૦/– હતી. જે ચોરીની ફરીયાદ મે આપેલ હતી. મને અસલ ફરીયાદ બતાવામાં આવે છે જે જોઈને કહું છું આ તેજ ફરીયાદ છે અને તેમાં મારી સહી છે . તે હું ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક–૪૨ આપવામાં આવે છે. આ કામના આરોપીઓને ઓળખતો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારે સદર ચોરાયેલા દાગીના અમોને પરત મળેલ નથી. મને જાણવા દાખલ આંક.જિઆપવામાં આવે છે. મળેલ છે કે, પોલીસે રીકવર કરેલ નથી.''

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,''એ વાત ખરી છે કે, સદર બનાવના સમયે હું મારા મામાના ઘરે માણસા મુકામે હતો અને બનાવ પુંદ્રા મુકામે બનેલ હતો. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું પુંદ્રા મુકામે હાજર ન હતો. એ વાત ખરી છે કે, બનાવમાં ચોરી કોણે કરેલ અને મુદામાલ કોણ લઈ ગયેલ તે મે જોયેલ નથી. એ વાત ખરી છે કે, અમોને અન્ય કોઈ જાત માહીતી નથી.''

(૮.૧) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક– ૦૭ થી પંચસાહેદ પટેલ પરેશકુમાર જશવંતભાઇ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ,‘‘અમોએ પુંધરા મુકામે અમારા ઘરની પાછળ ચોરી થયેલી તે બાબતનું પંચનામું કરાવેલ.તે જેનું મકાન હતું તે લોકો બ્રાહમણ છે અને તે લોકનું મકાન બંધ રહે છે અને તે લોકો મું બઈ મુકામે રહે છે.અને એ લોકોના મકાનમાં બારી તોડીને કપડા તેમજ વાસણ–કુસણ વેર વિખેર પડેલા હતા અને આ મકાન ગામ પુંધરા મુકામે આવેલ છે.અને મારી સાથે અરવિંદભાઈ ઉર્ફે રમણભાઈ જીભઈદાસ પટેલ પણ હતા અને એ વખતે આ અરવિંદભાઈ અમારા ગામના સરપંચ હતા અને તેઓ હાલ અવસાન પામેલ છે અને આ વખતે તેમના કુટુંબવાળા પણ ત્યાં હાજર હતા. આ પંચનામું અમોએ આજથી એક વર્ષ અગાઉ કરેલું ચોકકસ તારીખ મને હાલ યાદ નથી. મને અસલ પંચનામું બતાવામાં આવે છે જેમાં પંચ–૨ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૦૮ આપવામાં આવે છે.’’

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ‘‘એ વાત ખરી નથી કે અમોએ તૈયાર પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે પંચનામામાં મે જાતે કશું લખાવેલ નથી.’’

(૮.૨) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક– ૦૯ થી પંચસાહેદ પટેલ વિષ્ણુભાઇ કચરાભાઇ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે , ‘‘અમો પોલીસ સ્ટેશને ગયેલા અને પોલીસની સાથે અમો જે જગ્યાએ ચોરી થયેલી ત્યાં પંચનામું કરવવા ગયેલા અને અમારી સાથે કનુભાઈ વરવાભાઈ પટેલ પણ ત્યાં હતા અને આ પંચનામું આજથી ૪–૬ મહીના અગાઉ કરાયેલું મને તેની ચોકકસ તારીખ હાલ યાદ નથી. અને જે ઘરે ચોરી થયેલી અને અમે જેના ઘરે ગયેલ તે ભાઈનું નામ પરષોતમભાઈ કચરાભાઈ છે તે બાબતનું અમોએ પંચનામું કરાવેલ મને અસલ પંચનામું બતાવામાં આવે છે જેમાં

પંચ–૧ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે.’’

ત્યારબાદ બચાવપક્ષ ઘ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ‘‘એ વાત ખરી નથી કે અમોએ તૈયાર પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે પંચનામામાં શું લખેલ હતું તે મે વાંચેલ નહી.’’

(૮.૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક–૧૧ થી પંચસાહેદ પટેલ કનુભાઇ વરવાભાઇ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ,‘‘ અમો પોલીસ સ્ટેશને થી જયાં ચોરી થયેલી તે જગ્યાએ ગયેલા અને તે વખતે પોલીસ અમારી સાથે હતી. અને પોલીસની સાથે અમો જે જગ્યાએ ચોરી થયેલી ત્યાં પંચનામું કરવવા ગયેલા અને અમારી સાથે વિષ્ણુભાઈ કચરાભાઈ પટેલ પણ ત્યાં હતા અને આ પંચનામું આજથી ૪–૬ મહીના અગાઉ કરાયેલું મને તેની ચોકકસ તારીખ હાલ યાદ નથી. અને જે ઘરે ચોરી થયેલી અને અમે જેના ઘરે ગયેલ તે ભાઈનું નામ પરષોતમભાઈ કચરાભાઈ છે તે બાબતનું અમોએ પંચનામું કરાવેલ મને આંક–૧૦ વાળું પંચનામું બતાવામાં આવે છે જેમાં પંચ–૨ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું.’’

ત્યારબાદ બચાવપક્ષ ઘ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ‘‘એ વાત ખરી છે કે પોલીસે અમારી તૈયાર પંચનામામાં સહી કરાવેલી.’’

(૮.૪) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક–૧૫ થી પંચસાહેદ પ્ર જાપતિ નિકુંજકુમાર મગનભાઈ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ,‘‘આજથી એક વર્ષ અગાઉ માણસા પોલીસે રોડ ઉપર ઉભા રાખીને તૈયાર

પંચનામામાં સહી કરાવેલ. તે સિવાય કશુ જાણતો નથી. મને આ કામે એક અસલ પં ચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નંબર ૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. જે રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે.

હોસ્ટાઈલ

આ તબકકે ફરીયાદ પક્ષના આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ના હોઈ જેથી વિ. એ.પી.પી.શ્રી ની મૈખીક વિનંતીથી ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ ૧૫૪ મુજબ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવે છે અને ઉલટ તપાસમાં પુછી કરી શકાય તેવા સુચીત પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે. એ વાત ખરી નથી કે, ગત તા.૨૫/૧/૨૪ના રોજ માણસા પોલીસે અમોને સમજ કરી કે, આરોપી પોલીસ કસ્ટડીમાં હાજર હોઈ, પુછપરછ કરતા ફરીયાદીના મકાનમાં બારીઓ તોડી પ્રવેશ કરી, તીજોરીમાં મુકેલા કુલ રૂા.૩,૪૨,૫૦૦/– તેમજ રોકડ રકમ ૨૪,૦૦૦/– ચોરી કરેલ હોઈ, આરોપી જગ્યા બતાવતા હોઈ, અને પોલીસ રૂબરૂ પંચો એક ઈસમનું નામઠામ પુછતા સેંધાજી છગનજી હોવાનું બતાવે છે. તેમજ સદર જગ્યાએ જતા એક મકાનમાં જોતાં આરોપી જણાવે છે કે, પાછલા ભાગે બારી આવેલછે જે તોડીને અંદર પ્રવેશ કરેલ છે. સદર મકાન માલિક બાબતે તપાસ કરતા કેતનભાઈ ભાનુભાઈ રાવલનું હોવાનું માલુમ કરેલ છે. બાજુના મકાનમાં તપાસ કરતા પરષોત્તમભાઈ કચરાભાઈનું મકાન હોવાનું માલુમ પડેલ છે.એ વાત ખરી નથી કે, ઉપરોકત વિગતની હકીકત અમો પંચોએ અમારા જોયા જાણ્યા લખાવેલ હોવા છતાં, આરોપીને બચાવવા સારૂ ખોટી જુબાની આપુ છું.''

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે પોલીસે અમારી તૈયાર પંચનામામાં સહી કરાવેલી''

(૮.૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક–૨૦ થી પંચસાહેદ જીતુભાઈ સેધાભાઈ શેઠીયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,''

તા. ૧૮/૧/૨૪ના રોજ પોલીસે મને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મેં તેમાં સહી કરી આપેલી. સહી કર્યા સિવાય કોઈ હકીકત હું જાણતો નથી. મને મારી સહી વાળું પંચનામું વાંચી, સંભળાવ્યું અને આવી કોઈ હકીકત મારી હાજરીમાં બનેલ નથી. સદર ઝેરોક્ષવાળા પંચનામામાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. પંચનામાની ઝેરોક્ષ નકલ બચાવ પક્ષની સંમંતિથી રજુ દાખલ આંક–૨૧ આપવામાં આવે છે.

હોસ્ટાઈલ

એ વાત ખરી નથી કે, તા. ૧૮/૧/૨૪ ના રોજ એક ઈસમ હાજર હતો તેનું અમો પંચો રૂબરૂ નામ પુછતા તેને પોતે પોતાનું નામ ઠાકોર દિલીપજી રાજુજી હોવાનું જણાવેલ અને તેને પહેરેલ કપડાનું અને તેમજ શરીર સ્થિતિનું પંચનામું અમો પંચો રૂબરૂ કરેલ હોવા છતાં આરોપીને બચાવવા સારૂ ખોટી જુબાની આપુ છું.''

ત્યારબાદ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે પોલીસે અમારી તૈયાર પંચનામામાં સહી કરાવેલી.''

(૮.૬) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક–૨૨ થી પંચસાહેદ સુરેશજી માનસીંગજી ઠાકોર તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ,

''તા. ૧૮/૧/૨૪ ના રોજ પોલીસે મને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મેં તેમાં સહી કરી આપેલી. સહી કર્યા સિવાય કોઈ હકીકત હું જાણતો નથી. મને મારી સહી વાળું પંચનામું વાંચી, સંભળાવ્યું અને આવી કોઈ હકીકત મારી હાજરીમાં બનેલ નથી. મને આ કામે રજુ દાખલ આંક–૨૧ એક ઝેરોક્ષ નકલ વાળું પંચનામુ બતાવામાં આવે છે તેમાં પંચ નંબર ૨ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ.

હોસ્ટાઈલ

એ વાત ખરી નથી કે, તા. ૧૮/૧/૨૪ ના રોજ એક ઈસમ હાજર હતો તેનું અમો પંચો રૂબરૂ નામ પુછતા તેને પોતે પોતાનું નામ ઠાકોર દિલીપજી રાજુજી

હોવાનું જણાવેલ અને તેને પહેરેલ કપડાનું અને તેમજ શરીર સ્થિતિનુ પંચનામુ અમો પંચો રૂબરૂ કરેલ હોવા છતાં આરોપીને બચાવવા સારૂ ખોટી જુબાની આપુ છું.''

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે પોલીસે અમારી તૈયાર પંચનામામાં સહી કરાવેલી.''

(૮.૭) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક– ૩૫ થી આઇ./ઓ. સચીન શાન્તારામભાઈ પવાર તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ,''સને ૨૦૨૦ ની સાલમાં હું માણાસા પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતો હતો, તે દરમ્યાન તા.૧૫/૯/૨૦૨૦ ના રોજ ફરીયાદીશ્રી કેતનભાઈ ભાનુભાઈ રાવળ રહે. ભગવાનપુરા વાસ, પુંધરા નાઓની ઈ.પી.કો.ક. ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાની ફરીયાદ અમારા રૂબરૂ ની લઈ જાતેથી ગુના નં.૭૧૦/૨૦૨૦ નો દાખલ કરી આગળની તપાસ અમોએ જાતે સં ભાળી લીધેલી. જે ગુનાની હકીકત જોતા તેમા ફરીયાદીશ્રી કેતનભાઈ તથા સાહેદ પરસોત્તમભાઈ કચરાભાઈ પટેલ નાઓના ઘરેથી તા.૧૫/૯/૨૦૨૦ ના કલાક ૦૦:૦૦ થી ૬:૦૦ દરમ્યાન કોઈ ચોર ઈસમે ઘરની પાછળની બારીઓ તોડી ઘરમાં પ્રવેશી સોના–ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા મળી કુલે રૂપીયા ૩,૫૬,૦૦૦/– ની ચોરી કરી લઈ જવા બાબતનો ગુનો હતો. જે ગુનાની તપાસના કામે ગુનાવાળી જગ્યાએ જઈ ડોગ સ્કવોડ તથા ફીન્ગર પ્રીન્ટ એકસપર્ટ નાઓ મારફતે વીઝીટ કરાવવા તજવીજ કરેલી. બાદ આ કામે બે પંચો રૂબરૂ કલાક ૧૭:૩૦ થી ૧૮:૪૦ સુધીનુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી કામે સામેલ રાખેલુ. બાદ આ કામે ફીન્ગરપ્રીન્ટ એકસપર્ટ શ્રી ત્રીવેદી નાઓએ અમુક ચાન્સપ્રીન્ટ મળી આવેલ હોવા બાબતેનો પરીક્ષણ અહેવાલ સો પતા વંચાણે લઈ કામે સામેલ રાખેલ હતો. બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવવામાં આવેલા. બાદ આ કામે ગુનાના શકદારો તપાસતા કોઈ ફળદાયી હકીકત મળી આવેલ નહી

જેથી તા. ૧૧/૧૨/૨૦૨૦ ના રોજ આ કામે વર્ગ અ પડત સમરી ભરી નામદાર કોર્ટમાં મોકલી આપવા માટે તજવીજ કરેલ. આજરોજ મને કોર્ટ રેકર્ડમાંથી અસલ ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે, જે જોઈને હું કહી શકુ છુ કે, જે મે મારી રૂબરૂ લીધેલી તે જ છે, તેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ. જે ફરીયાદની નકલને રજુ દાખલ આંક–૩૬ આપવામાં આવે છે.''

(૮.૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક– ૩૭ થી આઈ./ઓ. મહીપતસિંહ અજીતસિંહ વાઘેલા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,''તા.૧૮/૧/૨૪ ના રોજ મા હું માણાસા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન માણસા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૭૧૦/૨૪ ઈ.પી.કો. કલમ– ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબની ગુનાની તપાસ પો.ઈ. ધ્વારા અમોને સોંપતા અમે આ કામે ચોરી કિ. કરનાર ઈસમ દિલીપજી રજુજી ઠાકોર રહે. કઈપુર, તા. વડનગર મહેસાણાનાઓને પેરોલ સ્કોડ મહેસાણા ધ્વારા સી.આર.પી.સી ૪૧ (૧)(ડી) મુજબ અટક કરવામાં આવેલ હોય જે આરોપી વડનગર પો. સ્ટેશનેથી મેળવી લેવા માણસા પોલીસ સ્ટેશને ટેલીફોન વર્ધી મળતા એ.એસ.આઈ. બળદેવભાઈ ગાંડાભાઈનાઓએ વડનગર પો.સ્ટેશને રીપોર્ટ આપી આરોપીનો કબ્જો મેળવી માસણા પો.સ્ટેશન લાવી અમોને તપાસના કામે સોપતા આ કામના આરોપીનુ નિવેદન લેતા પોતે તથા તેના કાકાના દિકરા સેંધાજી છગનજી ઠાકોર તથા ચેતનજી જીવાજી ઠાકોરનાઓએ ઉપરોકત ગુનો કરેલ હોવાનુ જણાવતા તેમજ પકડાયેલા આરોપીની ઉનાવા પો.સ્ટેશનમાં લીધેલ ફીન્ગપ્રીન્ટના આધારે સાહેદના ઘરમાંથી મળી આવેલ ફીન્ગરપ્રીન્ટ સાથે સરખામણી કરતા સદર ફીન્ગરપ્રીન્ટ આ કામના આરોપીઓની હોવાનુ ફીન્ગરપ્રીન્ટ એકસપર્ટ તરફથી સરખામણી થયેલ હોય જે આધારે આરોપીને અટક કરવા જેટલો પુરાવો હોય અટક કરવામાં આવેલ. આ ફીન્ગરપ્રીન્ટ લગતના પુરાવા અભિપ્રાય સાથેના પુરાવા રજુ રાખુ છુ જેને રજુ દાખલ આંક–

૩૮ થી આંક–૪૦ આપવામાં આવે છે. આ ગુનામાં સંડોવાયેલ બીજો આરોપી સેંધાજી ઠાકોરનાઓને આ કામે પુરતો પુરાવો હોવાથી અટક કરવામાં આવેલ અને આરોપી નંબર ૩ ઠાકોર ચેતનજી જીવાજીનાઓ પણ આ ગુનામાં સંડોવાયેલ હોય જેઓની તપાસ કરતા અકસ્માતમાં મરણ ગયેલ હોય તે બાબતે તેમના પિતાજીનુ નિવેદન લેવામાં આવેલ અને આ કામે અટક કરવામાં આવેલ બંને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલુ. સદર ફરીયાદવાળો કોઈ મુદદામાલ રીકવર થયેલ નથી. અને ઉનાવા પો. સ્ટેશનમાં ૪૧(૧)(આઈ) માં કે પંચનામા રીકવર થયેલ મુદદામાલ હાલના ગુનાના કામનો ન હતો જેથી કોઈ મુદદામાલ રીકવર થયેલ નથી. હાલના આરોપીઓને હું જોયેથી ઓળખી શકુ, જેઓ નામદાર કોર્ટમાં હાજર નથી.''

(૮.૯) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક– ૪૧ થી ફરીયાદી કેતનભાઇ ભાનુભાઈ રાવલ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,'' બનાવ સને ૨૦૨૦ ની સાલમાં બનેલો. તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ બપોરના આશરે ૧ વાગ્યે હુ અને મારો પરીવાર પુંદ્રા મુકામે અમારે ઘરે તાળુ મારી માણસા ખાતે મારા મામાના ઘરે રહેવા આવેલા અને તા.૧૫/૦૯/૨૦૨૦ ના રોજ સવારના આશરે ૮ વાગ્યે અમારા ઘરના બાજુમાં રહેતા પરસોતમભાઈ કચરાભાઈ પટેલનાઓનો મારા પર ફોન આવેલ અને જણાવેલ કે મારા ઘરની પાછળની બારી તુટેલી હાલતમાં છે અને ઘરનો સામાના વેર વીખેર છે અને બહાર ફેંકેલ છે. આ સમાચાર મળતા હું તથા મારી પત્ની રીન્કુ તથા મારી માતા સરોજબેન તરતજ પુંદ્રા અમારા ઘરે ગયેલા અને અમારા ઘરનું તાળુ બંધ હોઈ તાળુ ખોલી અંદર જોયેલ તો ઘરના રુમનો સામાન વેર વીખેર હાલતમાં હતો અને તીજોરી ખુલ્લી હાલતમાં હતી જેમાંથી મારી પત્નીએ મુકેલા દાગીના ચોરાયેલા. જેમાં બે સોનાના મંગળસુત્ર, એક સોનાની ચેને, બે સોનાની વીંટી, ચાર ચાંદીના સિકકા અને રૂા.૧૦,૦૦૦/– જેટલી રોકડ રકમ ચોરાયેલ. પછી મને જાણવા મળ્યુ કે કરશનભાઈ કચરાભાઈ પટેલના ઘરે પણ ચોરી થયેલ અને તેમના પણ

દાગીના ગયેલ છે. અને આ દાગીના ના બીલ મારી પાસે હતા નહી. મારા તથા પરસોતમ ભાઈ ના દાગીનાની કુલ રકમ જે તે સમયે ૩,૫૬,૦૦૦/– હતી. જે ચોરીની ફરીયાદ મે આપેલ હતી. મને અસલ ફરીયાદ બતાવામાં આવે છે જે જોઈને કહું છું આ તેજ ફરીયાદ છે અને તેમાં મારી સહી છે. તે હું ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક–૪૨ આપવામાં આવે છે. આ કામના આરોપીઓને ઓળખતો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારે સદર ચોરાયેલા દાગીના અમોને પરત મળેલ નથી. મને જાણવા મળેલ છે કે, પોલીસે રીકવર કરેલ નથી.''

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે, સદર બનાવના સમયે હું મારા મામાના ઘરે માણસા મુકામે હતો અને બનાવ પુંદ્રા મુકામે બનેલ હતો. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું પુંદ્રા મુકામે હાજર ન હતો. એ વાત ખરી છે કે, બનાવમાં ચોરી કોણે કરેલ અને મુદામાલ કોણ લઈ ગયેલ તે મે જોયેલ નથી. એ વાત ખરી છે કે, અમોને અન્ય કોઈ જાત માહીતી નથી.''

**<u>પુરાવાનુ વિશ્લેષણ :–</u>**

(૯) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી એ તેમની દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદી ધ્વારા તેમના પર લગાવવામાં આવેલ આક્ષેપો ખોટા અને ઉપજાઉ છે. અને ફરીયાદીએ હકીકત છુપાવેલ હોવાનુ જણાવેલ છે અને આરોપી તરફે વિ.વ.શ્રીએ ***તુકારામ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર તેમજ સચીન ગુપ્તા વિ. સ્ટેટ ઓફ હરીયાણા*** ના ચુકાદાઓ પર આધાર રાખેલ છે. અને આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. તેમજ આ કામે એ. પી.પી.શ્રી આરોપી ને સજા આપવા અનુરોધ કરેલ છે અને આરોપીના ગુના સમાજમાં ખોટી અસર કરે તેવા છે. જેથી આરોપીને અધિકતમ સજા કરવાની રજૂઆત કરેલ છે.

(૧૦) આ કામના ગુનાના ગુણદોષમા ગયા પહેલા કાયદાકીય જોગવાઈને ધ્યાને લેવાની જરૂરી જણાઈ છે. આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ *I.P.C.* કલમ– *457, 380, 114* મુજબનો ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ કરેલ છે. ***Criminal jurisprudence*** ના જનરલ પ્રિન્સીપલ ***Innocent until proven guilty beyond reasonable doubt*** ના નિયમ મુજબ જયાં સુધી આરોપી સમક્ષ ગુનો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ માનવો જોઈએ. વધુમાં ***Actori incumbit probatio*** લેટીન મેકિસમ મુજબ ક્રિમીનલ કેસમા પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય છે. નામદાર વડી અદાલતે ઘણા બધા ચુકાદામાં ઠરાવેલ છે કે જયાં સુધી ફરીયાદ પક્ષ પોતાનો કેસ ***beyond reasonable doubt*** પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અને ૧૦૩ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

***<u>Sec. 101 - Burden of proof</u>***

*Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.*

***<u>Sec. 103 - Burden of proof as to particular fact.</u>***

*The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.*

વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા ભલિન્દર સિંહ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ એસી પાના નંબર ઉપર જણાવેલ છે કે, *Prosecution has to establish his case on his own legs, weakness of defense can not be used as circumstances in favour of prosecution.* વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે *In* ***Sharad Birdhichand Sarda v. State of Maharashtra,*** ***(1984) 4 SCC 116,*** *laid down the following five golden principles i.e. the* ***panchsheel*** *of the proof of a case based on circumstantial evidence:*

*(1) The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. There is not only a grammatical but a legal distinction between 'may be proved' and "must be or should be proved". It is a primary principle that the accused must be and not merely may be guilty before a court can convict and the mental distance between 'may be' and 'must be' is long and divides vague conjectures from sure conclusions.*

*(2) The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty.*

*(3) the circumstances should be of a conclusive nature and tendency,*

*(4) they should exclude every possible hypothesis except the one to be proved, and*

*(5) there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must*

*have been done by the accused.*

**(૧૧)** આ કામમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૭, ૩૮૦ તથા ૧૧૪ મુજબના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે. ફોજદારી કેસમાં આરોપીને દોષિત ઠેરવવા માટે ફરીયાદપક્ષે પોતાના કેસને કોઈપણ વાજબી શંકાને સ્થાન ન રહે તે રીતે (*Beyond Reasonable Doubt*) પુરવાર કરવો આવશ્યક છે. ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૧૦૧ મુજબ જે પક્ષ કોઈ હકીકતનો દાવો કરે છે તે હકીકત પુરવાર કરવાનો બોજો તે પક્ષ ઉપર રહે છે, જ્યારે કલમ ૧૦૩ મુજબ કોઈ વિશિષ્ટ હકીકત અંગે અદાલતને વિશ્વાસ કરાવવાનો બોજો પણ તે હકીકતનો દાવો કરનાર ઉપર જ રહે છે. તેથી ફરીયાદપક્ષે એ નિઃશંકપણે પુરવાર કરવું જરૂરી બને છે કે હાલના આરોપીઓએ જ સદર ગુનો આચર્યો છે. ફોજદારી કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે માત્ર શંકા, અનુમાન અથવા સંભાવનાના આધારે નહીં પરંતુ વિશ્વસનીય, કાયદેસર અને વાજબી શંકાથી પરના પુરાવાના આધારે જ આરોપીને દોષિત ઠેરવી શકાય.

**(૧૧.૧)** આંક–૪૧ થીફરીયાદી કેતનભાઈ ભાનુભાઈ રાવળની જુબાનીનું અવલોકન કરતાં જણાય છે કે તેઓએ પોતાના પરિવાર સાથે ઘર બંધ કરીને બહાર ગયેલા હોવાનું તથા પરત ફરતા તેમના મકાનની પાછળની બારી તૂટેલી, ઘરની અંદરનો સામાન વેરવિખેર તથા તિજોરી ખુલ્લી હાલતમાં જોવા મળી હોવાનું જણાવ્યું છે. વધુમાં તેમણે સોના–ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી થયેલી હોવાનું જણાવ્યું છે અને પોતાની ફરીયાદને પણ સાબિત કરી છે. આમ તેમની જુબાની પરથી તેમના મકાનમાં ઘરફોડ ચોરી થયેલી હોવાનું તથા તેમની મિલકતની ચોરી થયેલી હોવાનું પુરવાર થાય છે. જોકે તેમની ઉલટ તપાસમાં તેમણે સ્પષ્ટ સ્વીકાર્યું છે કે બનાવ સમયે તેઓ સ્થળ ઉપર હાજર નહોતા, ચોરી કોણે કરી તે તેમણે જોયું નથી તથા આરોપીઓને બનાવ સાથે સાંકળતી કોઈ વ્યક્તિગત જાણકારી તેમની પાસે નથી. તેથી તેમની જુબાનીથી માત્ર ચોરીનો બનાવ બન્યો હોવાનું પુરવાર

થાય છે, પરંતુ હાલના આરોપીઓએ જ સદર ગુનો કર્યો હોવાનું પુરવાર થતું નથી.

ગુનાવાળી જગ્યાના પંચસાક્ષીઓ આંક–૭ થી પરેશકુમાર જશવંતભાઈ પટેલ, આંક–૯ થી વિષ્ણુભાઈ કચરાભાઈ પટેલ તથા આંક–૧૧ થી કનુભાઈ વરવાભાઈ પટેલની જુબાનીનું મૂલ્યાંકન કરતાં તેઓએ પોલીસ સાથે સ્થળ ઉપર જઈ સ્થળ પંચનામું થયાનું જણાવ્યું છે. તેમની જુબાનીથી માત્ર આંક–૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવ્યું હોવાનું સમર્થન મળે છે. પરંતુ આ પૈકીના કોઈપણ પંચસાક્ષીએ આરોપીઓને બનાવ સાથે સાંકળતી કોઈ હકીકત જણાવી નથી. વધુમાં ઉલટ તપાસ દરમિયાન પંચનામાની તૈયારી અંગે પણ તેમની જુબાનીઓમાં સંપૂર્ણ વિશ્વસનીયતા જણાતી નથી. કોઈ સાક્ષીએ પંચનામામાં પોતે કંઈ લખાવ્યું ન હોવાનું જણાવ્યું છે, કોઈએ પંચનામું વાંચ્યું ન હોવાનું જણાવ્યું છે તો કોઈએ તૈયાર કરાયેલા પંચનામા ઉપર પોતાની સહી કરાવેલી હોવાનું જણાવ્યું છે. આવી સ્થિતિમાં તેમની જુબાનીથી માત્ર સ્થળની સ્થિતિ અંગેનું સમર્થન મળે છે, પરંતુ આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી.

ડીસ્કવરી પંચનામા (આંક–૧૦ અને આંક–૧૬) તથા શરીર સ્થિતિના પંચનામુ (આંક–૨૧) પુરવાર કરવા માટે રજૂ કરાયેલા પંચસાક્ષીઓ આંક–૧૫ થી નિકુંજકુમાર મગનભાઈ પ્રજાપતિ, આંક–૨૦ થી જીતુભાઈ સેધાજી શેઠીયા તથા આંક–૨૨ થી સુરેશજી માનસીંગજી ઠાકોર ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને તેઓ હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા છે. આ સાક્ષીઓએ પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવ્યું છે કે પોલીસ દ્વારા તૈયાર કરાયેલા પંચનામા ઉપર માત્ર તેમની સહી લેવામાં આવી હતી તથા પંચનામામાં દર્શાવેલી કાર્યવાહી તેમની હાજરીમાં થઈ નહોતી. સરકારી વકીલ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવી હોવા છતાં તેઓએ પ્રોસિક્યુશનની હકીકતોનો સ્વીકાર કર્યો નથી. પરિણામે (આંક–૧૦ અને આંક–૧૬) વાળુ ડીસ્કવરી પંચનામા તથા આંક–૨૧ થી શરીર સ્થિતિના પંચનામાને કોઈ વિશ્વસનીય સ્વતંત્ર પંચસાક્ષીનું સમર્થન પ્રાપ્ત થતું નથી.

પ્રથમ આંક–૩૫ થી તપાસ અધિકારી સચીન શાન્તારામભાઈ પવારની જુબાની પરથી જણાય છે કે તેમણે ફરીયાદ નોંધ્યા બાદ સ્થળ પંચનામું, ડોગ સ્કવોડ, ફિંગરપ્રિન્ટ નિષ્ણાતની કાર્યવાહી તથા અન્ય તપાસ હાથ ધરી હતી. તેમ છતાં તપાસ દરમિયાન કોઈ ફળદાયી હકીકત પ્રાપ્ત થઈ નહોતી અને પરિણામે તેમણે ગુનામાં 'એ' સમરી ભરવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ હકીકત દર્શાવે છે કે પ્રારંભિક તપાસ દરમિયાન તપાસને આરોપીઓ સુધી પહોંચાડે તેવી કોઈ નિશ્ચિત અને વિશ્વસનીય હકીકત પ્રાપ્ત થઈ નહોતી.

બીજા તપાસ અધિકારી આંક–૩૭ થી મહીપતસિંહ અજીતસિંહ વાઘેલાએ પોતાની જુબાનીમાં જણાવ્યું છે કે અન્ય ગુનામાં અટક થયેલા આરોપી દિલીપજી રજુજી ઠાકોરના નિવેદન તથા ફિંગરપ્રિન્ટની સરખામણીના આધારે હાલના આરોપીઓને આ કેસમાં સંડોવવામાં આવ્યા હતા. તેમણે ફિંગરપ્રિન્ટના અભિપ્રાય સહિતના દસ્તાવેજો પણ રજૂ કર્યા છે. પરંતુ તેમણે પોતાની જુબાનીમાં સ્પષ્ટ સ્વીકાર્યું છે કે હાલના ગુનાનો કોઈપણ ચોરાયેલ મુદ્દામાલ આરોપીઓ પાસેથી કે અન્ય કોઈ જગ્યાએથી રીકવર થયો નથી. વધુમાં તેમણે એ પણ જણાવ્યું છે કે ઉનાવા પોલીસ સ્ટેશનના અન્ય ગુનામાં થયેલ રીકવરી હાલના ગુનાના મુદ્દામાલ સાથે સંબંધિત ન હોવાથી હાલના ગુનાનો કોઈ મુદ્દામાલ રીકવર થયો નથી. આરોપીઓના કહેવાથી થયેલી ડીસ્કવરીને પણ સ્વતંત્ર પંચસાક્ષીઓનું સમર્થન પ્રાપ્ત થતું નથી. આ તમામ સંજોગો ફરીયાદપક્ષના કેસને નોંધપાત્ર રીતે નબળો પાડે છે.

આ કેસમાં સૌથી મહત્વની બાબત એ છે કે આરોપીઓના કબજામાંથી ચોરીનો કોઈપણ મુદ્દામાલ મળી આવેલ નથી, આરોપીઓને બનાવ સાથે સાંકળતો કોઈ આંખે જોનાર સાક્ષી ઉપલબ્ધ નથી, આરોપીઓ છેલ્લે ઘટનાસ્થળે અથવા ઘટનાની આસપાસ જોવા મળ્યા હોવાનું કોઈ પુરાવું ઉપલબ્ધ નથી તથા આંક–૧૦ અને આંક–૧૬ થી ડીસ્કવરી પંચનામા પણ વિશ્વસનીય રીતે પુરવાર થયા નથી. ફરીયાદી પણ આરોપીઓને બનાવ સાથે સાંકળતી કોઈ હકીકત જણાવતો નથી. આવી પરિસ્થિતિમાં માત્ર તપાસ

અધિકારીની જુબાનીના આધારે આરોપીઓને દોષિત ઠેરવવું કાયદેસર અને સલામત ગણાય નહીં.

ફરીયાદપક્ષે ફિંગરપ્રિન્ટના અભિપ્રાયનો આધાર લીધો છે. નિઃસંદેહ ફિંગરપ્રિન્ટનો અભિપ્રાય ફરીયાદપક્ષના પુરાવાનો એક મહત્વપૂર્ણ સંજોગ બની શકે, પરંતુ જ્યારે તેની સાથે અન્ય મહત્વની કડીઓ જેવી કે ચોરાયેલ મુદ્દામાલની રીકવરી, વિશ્વસનીય ડીસ્કવરી, સ્વતંત્ર પંચસાક્ષીઓનું સમર્થન અથવા આરોપીઓને બનાવ સાથે સીધી રીતે સાંકળતો અન્ય વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ ન હોય ત્યારે માત્ર આ એક જ સંજોગના આધારે આરોપીઓને દોષિત ઠેરવવું વ્યાજબી ગણાય નહીં. ફોજદારી કેસમાં સંજોગાત્મક પુરાવાની દરેક કડી પરસ્પર અખંડિત રીતે જોડાયેલી હોવી આવશ્યક છે.

હાલનો સમગ્ર કેસ સંજોગાત્મક *(Circumstantial)* પુરાવા ઉપર આધારિત છે. સર્વોચ્ચ અદાલતે ***Sharad Birdhichand Sarda v. State of Maharashtra,*** *(1984) 4* ***SCC*** *116* ના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે સંજોગાત્મક પુરાવાના આધારે દોષારોપણ કરવા માટે સંજોગોની સાંકળ પૂર્ણ, અખંડિત અને એવી હોવી જોઈએ કે જે આરોપીની નિર્દોષતાની દરેક સંભાવનાને દૂર કરી માત્ર આરોપીની જ દોષિતતા તરફ નિર્દેશ કરે. હાલના કેસમાં ફરીયાદપક્ષ એટલું તો પુરવાર કરવામાં સફળ રહ્યું છે કે ફરીયાદી તથા અન્ય સાહેદના મકાનમાં ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો, પરંતુ તે ઘરફોડ ચોરી હાલના આરોપીઓએ જ કરી હોવાનું દર્શાવતી સંજોગોની પૂર્ણ, અખંડિત અને નિર્ભ્રાંત સાંકળ સ્થાપિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયું છે.

ફોજદારી કાયદાનો મૂળભૂત સિદ્ધાંત છે કે જો ઉપલબ્ધ પુરાવામાંથી બે સંભાવનાઓ ઊભી થતી હોય, જેમાં એક આરોપીની દોષિતતા તરફ અને બીજી નિર્દોષતા તરફ નિર્દેશ કરતી હોય, તો તેનો લાભ આરોપીને આપવાનો રહે છે. સર્વોચ્ચ અદાલતે પણ વારંવાર સ્પષ્ટ કર્યું છે કે ફરીયાદપક્ષે પોતાનો

કેસ પોતાના પુરાવાના આધારે જ પુરવાર કરવાનો રહે છે અને બચાવ પક્ષની નબળાઈ અથવા મૌન ફરીયાદપક્ષના કેસની ખામી પૂરી કરી શકતું નથી.

આથી સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું એકંદરે મૂલ્યાંકન કરતાં અદાલત એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે ફરીયાદપક્ષ એટલું પુરવાર કરવામાં સફળ રહ્યું છે કે ફરીયાદી તથા અન્ય સાહેદના મકાનમાં ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો, પરંતુ તે ઘરફોડ ચોરી હાલના આરોપીઓએ જ આચરી હોવાનું વિશ્વસનીય, નિર્ભ્રાંત તથા કોઈપણ વાજબી શંકાથી પર એવો પુરાવો રજૂ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયું છે. પરિણામે હાલના આરોપીઓને શંકાનો લાભ (*Benefit of Doubt*) આપવો અનિવાર્ય બને છે.

**(૧૨)** આમ, ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં એક સ્પષ્ટ અને વ્યાજબી શંકાનું નિરૂપણ થાય છે. જેનો લાભ આરોપીઓને આપવો જોઈએ. જેથી મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને આખરી હુકમ મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી (૧) દિલીપજી રજુજી ઠાકોર અને (૨) સેધાજી છગનજી ઠાકોર નાઓને ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના દરેક આરોપીએ સદરહું ગુનામાં ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમિયાન ના **<u>રૂા.૨૦,૦૦૦/-</u> (અંકે રૂપિયા વીસ હજાર પુરા)**ના

જામીન રજુ કરવા.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે માલિકીની ખરાઈ કરી પરત કરવો.

આ હુકમ આજ રોજ તારીખ.**૩૦ મી,** માહે.**જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને જાહેર કર્યો.

તા.૩૦/૦૭/૨૦૨૬
સ્થળ–માણસા.

(સૌમ્યા રાય)
પ્રિન્સીપાલ સિવીલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ફ.ક.,
GJ 01630
માણસા, જી.ગાંધીનગર.